ગાંધીનગર સમાચાર

# ભારતને જગતગુરૂ બનાવવાનું સ્વપ્ન સિધ્ધ કરવા શિક્ષણ પ્રક્રિયાને મજબૂત કરવી પડશે

**જાણીતા કટારલેખક ડૉ. ધર્મેન્દ્ર પટેલે કડી શૈક્ષણિક સંસ્થામાં 'શિક્ષકનો સ્વધર્મ અને સમાજ' વિષય પર વકતવ્ય આપ્યું**

ગાંધીનગર, તા. ૫

આધુનિક ટેકનોલોજીના પ્રભાવશાળી યુગમાં દુનિયાના વિકસિત અને સમૃદ્ધ દેશોની વચ્ચે ભારતને વિશ્વગુરૂ બનાવવવનું સ્વપન દરેક ભારતીયનુંછે જેને સાકાર કરવાર્થે તેના પાયામા શિક્ષણને મહત્વ આપી શિક્ષણ પ્રક્રિયાને રાષ્ટ્રીય સ્તરે મજબૂત કરવી પડશે. આપણું શિક્ષણ ક્ષેત્ર હજી પછાતછે ત્યારે આ સ્વપ્ર સિદ્ધ કરવા માટે શિક્ષકોના પ્રદાનથી શિક્ષણનીતિને અસરકારક બનાવવી પડશે.

એમ અત્રે જાણીતા કટારલેખક ડૉ.ધર્મેન્દ્ર પટેલે 'શિક્ષકનો સ્વધર્મ અને સમાજ' એ વિષય પર વકતવ્ય આપતા જણાવ્યું હતું.

ઉત્તર ગુજરાતના ઐતિહાસિક નગર અને વિદ્યાનગરીની ઓળખ ધરાવતા કડી નગરની રાષ્ટ્રવાદી વિચારધારા સાથે શિક્ષણકાર્ય કરતી આદર્શ વિધ્યાલયમા શિક્ષકશ્રીઓ માટે ઉપયોગી વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

શિક્ષણ, સાહિત્ય અને સમાજ ઉત્કર્ષની સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહી ગૌરવપૂર્ણ યોગદાન આપી રહેલા કટારલેખક તેમજ ધરમપુર હાઈસ્કૂલના પ્રિન્સીપાલ ડૉ. ધર્મેન્દ્ર પટેલે શિક્ષકનો 'સ્વધર્મ અને સમાજ' એ વિષય પર પ્રેરક વકતવ્ય આપતા જણાવ્યું હતું કે સમાજને બેઠો કરવાનું કાર્ય એ જ શિક્ષકનો સ્વધર્મ છે.બીજા વિશ્વયુધ્ધ પછી માત્ર સાત વર્ષના ટૂંકાગાળામા જર્મનીને બેઠું કરવાનું કાર્ય શિક્ષકો દ્વારા જ થયું હતું.કોઈપણ શિક્ષક સામાન્ય નથી.સમગ્ર વિશ્વમાં શિક્ષકનું સ્થાન સૌથી ઊંચું અને સન્માનીય ગણાયુંછે ત્યારે ડૉ. ધર્મેન્દ્ર પટેલે શિક્ષકમાં રહેલી સાહસિકતા અને ખુમારીભરી તાકાતનો પરિચય કરાવતા જણાવ્યું હતું કે સમાજની સમસ્યાઓનું સમાધાન શિક્ષક પાસે હોવાથી સમાજને શિક્ષક પાસે ઘણી અપેક્ષાઓ છે એટલે જ શિક્ષક એ સમાજનો મજબૂત ટેકો બન્યો છે.પ્રવર્તમાન સ્થિતિમાં શિક્ષકો સમાજથી દૂર થયા છે જેની અસરથી સમાજ મડદાલ બની ચૂકયો છે.શિક્ષકની તેજસ્વિતાની કસોટી સમાજ વચ્ચે જ થતી હોવાથી તેનામાં જ્ઞાનનું ઊંડાણ અને વિસ્તાર આ બે ગુણો કેળવાયેલા હશે તો સમાજના વાવાઝોડામાં એ ટકી શકશે.

શિક્ષણનીતિને લઈને કયારેય શિક્ષણકાર્ય બગડે નહીં તેની જવાબદારી શિક્ષકે દાખવવી પડશે.નિષ્ઠાવાન શિક્ષક જે દિશા બતાવે છે તે સમાજ અને રાષ્ટ્રના હિતમાં જ હોય છે. આદર્શ સંકુલની શાળાઓના શિક્ષકો, આચાર્યો અને સંસ્થાના પદાધિકારીઓએ વિષય નિષ્ણાત તજજ્ઞ ડૉ. ધર્મેન્દ્ર પટેલના વકત્વ્યને ઉત્સુકતાથી માણ્યુ હતું.

સંસ્થાના હોદેદાર હિમાંશુ ખમાર, કેમ્પસ ડાયરેકટર રામચંદ્રભાઈ કડિયા, આચાર્ય અરૂણભાઈ સહિતના અગ્રણીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

**મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા દ્વારા**

# 'મહાત્મા ગાંધીના મધ્યસ્થતા વિશેના વિચારો' વિષય પર વેબીનાર યોજાયો

ચિલોડા, તા.૫

મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તો મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, રાષ્ટ્રીય સેવા યોજના એકમ સાદરા અને ગૂજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'મહાત્મા ગાંધીજીની મધ્યસ્થતા વિશેના વિચારો' વિષય પર રાજયકક્ષાનો વેબીનાર યોજાયો હતો.

આ કાર્યક્રમમાં અધ્યક્ષીય પ્રવચન ગૂજરાત વિદ્યાપીઠના માનદ્ નિયામક ડૉ. રાજેન્દ્ર ખીમાલી ઉપસ્થિત રહ્યા હતા.



તેમણે 'ગાંધીજીના લવાદ વિશેના વિચારો અને કાર્યો વિશે વાત કરી હતી.' મુખ્ય મહેમાન તરીકે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના સેક્રેટરી ગઢવી સાહેબ ઉપસ્થિત રહી મહાત્મા ગાંધીજીના જીવન વિચારો અને અહિંસાની વાત કરી હતી. મુખ્ય વક્તા ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેરા લીગલ વોલેન્ટીયર અને મીડિયેટર સુધીર દેસાઈ ઉપસ્થિત રહી તેમણે મધ્યસ્થતા એટલે શું ? તેની કઈ ભૂમિકા હોય અને મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી શરૂ કરેલી મધ્યસ્થતાના ઉદાહરણો આપી ગાંધીજીએ કેવી રીતે ભૂમિકા ભજવી તેની ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમ પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુએ કર્યું હતું.

# અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજ દ્વારા કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજમાં અનુભૂતિ શૃંખલા હેઠળ 'કાવ્ય પઠન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કૉલેજના જુદા જુદા વર્ષના કુલ ૨૪ વિદ્યાર્થીઓએ કાવ્યાત્મક રજૂઆત કરી હતી. ગુજરાતી, હિન્દી સાહિત્યની ખ્યાતનામ રચનાઓ ઉપરાંત વિદ્યાર્થીઓએ સ્વરચિત કવિતાઓનો પણ રસાળશૈલીમાં પાઠ કર્યો હતો.



આ સ્પર્ધામાં મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરાના મદદનીશ અધ્યાપક ડૉ. ધ્વનિલ પારેખે સેવા આપી હતી. તોમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, જીવનના કોઈ પણ કપરાકાળમાં ટકવા માટે કોઈ એક કળાનો આધાર ખુબ જરૂરી છે માટે જીવનમાં કળા સાથે અનુબાંધ જાળવી રાખવો જોઈએ. આ સ્પર્ધામાં વૃંદા ચૌહાણ પ્રથમ ક્રમે, મોનિકા પટેલ દ્વિતીય ક્રમે અને મિત્રા વાઘેલા તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા.

આ સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ પ્રા. નયના રંગવાલાએ કર્યું હતું.

# એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઓનલાઈન બોટલ ડેકોરેશનનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ગુરૂવારના રોજ ઓનલાઈન બોટલ ડેકોરેશનની પ્રવૃત્તિ થઈ હતી. તેમાં વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિકની તેમજ કાચની બોટલને વિવિધ વસ્તુઓથી શણગારી હતી.બાળકોની કલ્પના શક્તિ તેમજ સજાવટનું કૌશલ્ય વિકસિત થાય તે માટે આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃતિમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી ભાગ લીધો હતો.





**૩૯ લાભાર્થીને પાચ ખાદ્ય પદાર્થનું વિતરણ**

શ્રી ગજાનન સેવા સમિતિ તથા શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા મોડાસા તાલુકાના છાત્રેશ્વરી ગામમાં ૧ કીગ્રા સીંગતેલ, ૧ કીગ્રા મગની દાળ, ૧ કીગ્રા ગોળ, ૨ કીગ્રા ચોખા તથા રામપ્રસાદ સ્પે. ખીચડી બનાવવાનું પેકેટનું વિતરણ ૩૯ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું. સમિતિ તરફથી મફતભાઈ, રાજેશ, કમલેશભાઈ, મોન્ટુ તથા મિલિંદભાઈ હતા. અન્નદાન અરવિંદ કેન્દ્રના ડૉ. તન્ના તરફથી હતું.

# શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન દીવાસળીના બોક્સમાંથી વિવિધ વસ્તુઓ બનાવવાની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૫નાં વિદ્યાર્થીઓ માટે તા. ૦૧-૧૦-૨૦૨૦ને ગુરુવારના રોજ ઓનલાઈન સર્જનાત્મક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૧૫ જેટલા વિદ્યાર્થીઓએ માતા પિતાનાં સહકારથી અને શિક્ષકોનાં માર્ગદર્શનથી ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ દીવાસળીનાં બેસમાંથી સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, વિવિધ રમકડાં, સુશોભનની વસ્તુ, હેન્ડબેગ વગેરે જેવી ખુબ જ સુંદર કલાકૃતિઓનું સર્જન કર્યું હતું.

શાળાનાં આચાર્ય શ્રીમતી નીતાબેન પટેલે માતા પિતાનાં સહયોગથી ભાગ લઈ સુંદર સર્જનાત્મક કૃતિઓ બનાવનાર વિદ્યાર્થીઓને તથા તેમના વાલીશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા.



# 'શિવરંજની'ના 'ઓનલાઈન' જલસામાં ગાયકો સંજય ઓઝા - પાર્થ ઓઝાની વિવિધ ફલેવરનાં ગીતો - ગઝલો - ભજનોની જમાવટ : દેશ-વિદેશના હજારો સંગીત રસિકોનાં મન મોર બની થનગનાટ કરી ઊઠયાં

'હે ચંદ્રમૌલી, હે ચંદ્રશેખર...
હે શંભો ત્રિલોચન, હે સંકટ વિમોચન...
હે ત્રિપુરારી અર્ચન...
જય જય હે શંકર, હે ભસ્માંગ
સુંદર, હે પશુપતિ હર....'

રંગ દેવતા નટરાજનની વંદના - આરાધથનાની આ સુંદર સ્તુતિ ખૂબ ભાવપૂર્ણ ને તન્મનયતાથી ગાઈને શિવરંજની, ગાંધીનગરના 'ઓનલાઈન' સંગીત જલસાનો શુભારંભ કરનારા, ગુજરાતના ખ્યાતનામ ગાયકો - બાપ દીકરાની બેલડી - સંજય ઓઝા અને ડૉ. પાર્થ ઓઝાએ પછી તો એકથી એક યાદગાર ગીતોની મસ્તીભરી પ્રસ્તુતિ દ્વારા એવી જમાવટ કરી કે 'છેલ છબીલો ગુજરાતી' પ્રોગ્રામ એના અંતિમ મુકામ ઉપર પહોંચ્યો ત્યારે એને માણી રહેલા દેશ અને વિદેશના હજારો સંગીત પ્રેમીઓનં 'મન મોર બનીને થનગનાટ કરી ઊઠયાં હતાં.'

'લે હાથે કરતાલ ફકીરા,
સંતની સંગાથે ચાલ ફકીરા,
એની મેડીએ બેસીને
થઈ જાય માલમાલા ફકીરા...'

જેવી નવી જ, ગુરુને સમર્પિત થઈ પરમ સુખની અનુભૂતિનો આધ્યાત્મિક સંદેશો આપનારી ગઝલ (ભાઈ સંજય ઓઝા) અને

'મળવા એને ચાહુ તો
હમણાં મળી શકું
એ વાત છે જુદી કે
મને ઈંતઝાર છે...

જેવા ચોટદાર શેરથી તરબતર 'મરિઝ' સાહેબની, ઓછી સાંભળેલી ઈશ્કે મિજાજની એક ગઝલ (ડૉ. પાર્થ ઓઝા) અલગ-અલગ મૂડ, રંગના જાણીતા ને નવા સ્વરાંકનોથી મઢેલાં ખાસ વીણી વીણી ને પસંદ કરેલા, ગીત-ગઝલ - લોકગીત - ભક્તિ રચનાઓનો પટારો ફૂલ મૂડ સાથે આ બંને કલાકારોએ ખૂલ્લો મુકી દીઈ, સાંભળનારા સૌ ગુજરાતીઓને મોજ કરાવી દીધી... સંગીત માટે પ્રતિબદ્ધ ગાંધીનગરની અને તેના પ્રમુખ શ્રી વાગ્મિન બુચે શિવરંજની સંસ્થા જાહેર કાર્યક્રમોના આયોજન માટે પ્રવર્તમાન પ્રતિકૂળ પરિસ્થિતિમાં ય સંગીત રસિકોને સારા કાર્યક્રમો પીરસવાની નેમ રાખી છે, તેથી 'ઓનલાઈન' કાર્યક્રમો શરૂ કર્યા છે. એ શ્રૃંખલામાં 'છેલછબીલો ગુજરાતી' શીર્ષક હેઠળ વધુ એક 'ઓનલાઈન' જલસાનું તા. ૧૨મી સપ્ટેમ્બર શનિવારો રાત્રે આયોજન કરાયું હતું. લોકપ્રિય ગુજરાતી ગીતોના આ ઝલકદાર જલ્સાએ ગાંધીનગર, ગુજરાત સહિત દેશમાં અને વિદેશમાં વસતા છેલછબીલા ગુજરાતીઓએ ગુજરાતી ગીત-સંગીત સાથે કનેક્ટ કરી ખુશખુશાલ કરી દીધા હતા...

આ મહેફિલમાં નટરાજનની વંદના પછી સંજયભાઈ અને પાર્થે મહેફિલના ટાઈટલને અનુરુપ ગુજરાતી ગૌરવગાન કરતા દુહા-છંદની રમઝટ બોલાવી હતી. એમાં. પાર્થે 'એ... જી... કોક દિ અમારા ગુજરાતમાં તું ભૂલો રે પડ ભગવાન, તને સ્વર્ગ ભૂલાઉં શામળાં...' અને ભાઈ સંજયે 'લાંબો ડગલો, મૂછો વાંકડી, શિરે પાઘડી રાતી' સાથે 'અડધી ચાના ઘૂંટડા રકાબીમાં પીવું,

વહાલ થકી વહેંચી જીવન મોજતી જીવું...' સંભળાવી અમદાવાદીઓની ખુમારીને ઉજાગર કરી હતી.

અવિનાશભાઈ વ્યાસની અમર રચના 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો...' પાર્થ ઓઝાના કંઠેથી સાંભળવાની મજા આવી.... એ જ રીતે... 'જય સોમનાથ, જય દ્વારકેશ, જય બોલો નર્મદા માતની, સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની.... આ ગુણવંતી ગુજરાતની...' ની સંજય ને પાર્થ ઓઝાની જુગલબંધીની રજૂઆત સૌને ગુજરાતી હોવાના અહોભાવથી છલકાવી દીધા...

પ્રસ્તુત પ્રોગ્રામમાં નીનુ મજમુદારનું ગીત 'પંખીઓએ કલશોર કર્યો ભાઈ, ધરતીને સૂરજ ચુમ્યો, કુથલી લઈને, સાંજનો સમીર વને વને ઘૂમ્યો...' તથા 'તમે જાતાં જોઈ પનઘટની વાટે, મારું મન મોહી ગયું....' સરસ રહ્યાં :

ગુજરાતીઓના હૈયે વસેલાં ને હોઠે ગવાયેલા ગીતોના આગળના દોરમાં પ્રણય ગીત 'નજરના જામ છલકાવીને ચાલ્યાં ક્યાં તમે?' તો સંજય ઓઝાના કંઠે અને અલગ અંદાજમાં જેટલીવાર સાંભળીએ એટલી વાર દિલ ખુશ થઈ જાય છે...

એમણે કબીર અને તુલસીના દોહાનો અનોખો પ્રયોગ કરી, સુફીટચ આપીને ગાયેલી ગઝલ, 'લે હાથે કરતાલ, ફકીરા, સંતની સાથે ચાલ ફકીરા....' તથા ભાઈ પાર્થે પ્રત્યેક શેરને બહેલાવી બહેલાવીને ગાયેલી ગઝલ 'દિવાનગી જ સત્યનો સાચો પ્રચાર છે, જાણી ગયા બધાએ તુજથી પ્યાર છે...'

મરિઝ સાહેબના શબ્દો, અમર ભટ્ટનું સ્વરાંકન અને કુશળ ગાયકની સુંદર ગાયિકીની સમન્વયથી કાર્યક્રમની એક શિરમોર પ્રસ્તુતિ બની રહી એમ કહી શકાય.

આ કાર્યક્રમની મજા એ હતી કે ગાયક બેલડીએ કેટલીક નવી કૃતિઓ સંભળાવી સંગીત ચાહકોનાં દિલ જીતી લીધા હતા. કવિ અનિલ જોષીની રમતિયાળ રચના 'હે... અમથું.... અમથું... જરાક તમને પૂછ્યું કે કેમ છે ? એમાં શું પડી ગઈ ધાડ... તમારી નજર જો પડી જાય બાગમાં તો તરણું પણ બની જાય પહાડ...'

ભાઈ સંજય ઓઝાએ મસ્તીથી પેશ કરી હતી.

એ પછી આ બેલડીએ રજૂ કરેલું 'અમે અમદાવાદી, જેનું પાણી લાવ્યું તાણી ભારતની આઝાદી..' એ અમદાવાદ શહેરને શહેરીજનોની વિશિષ્ટતાનો પરિચય કરાવતું મુ. અવિનાશ વ્યાસનું ગીત તો ગમે જ ગમે. આ ઉપરાંત ગુજરાતી સુગમ સંગીતના કાર્યક્રમોમાં અચૂક ગવાતા ગીતો - ગઝલો - જેવા કે, 'કહું છું જવાનીને પાછી વળી જા, ઘડપણનું ઘર મારું આવી ગયું છે.' (સંજયભાઈ), 'દિવસો જુલાઈના જાય છે, જે જશે જરૂર મિલન સુધી...' (ડૉ. પાર્થ ઓઝા) અને 'પંખીડાને આ પીંજરુ જૂનું જૂનું લાગે...' (અગેઈન સંજય ઓઝા) તેમ જ 'હુતુતુ.... હુતુતુ... હુતુતુ.... જામી રમતની ઋતુ...'




(જુગલબંધી) એ રંગ રાખ્યો જ... પરંતુ કૃષ્ણભક્તિ સંગીતના દોરમાં ગવાયેલ કવિ ભગવતીકુમાર શર્માની રચના 'મારે રુદિયે બે મંજીરા... એક જૂનાગઢનો મેતો ને બીજી મેવાડની મીરા...', 'એ આયો રે આયો... સાંવરી સુરતવાળો, શ્યામ તોયે રૂપાળો, માણીગર મતવાલો રસિયો... અટક ચાળો... અટકચાળો...'

તથા નરસિંહ મહેતાનું પ્રભાવિયું 'જળકમળ છાંટી જાને બાળા....' ઈસ્માઈલ વાલેરાના કંઠે ગવાયેલ વેણીભાઈ પુરોહિતની - દિલીપ ધોળકીયાના સ્વરાંકનવાળી, શ્રાવણ માસના સોરઠી વર્ણનની રચના 'આ મસ્ત ઘટાઓ શ્રાવણની, અલમસ્ત છટા મહેરામણની' અને કવિ તુષાર શુક્લએ લખેલ અને નૈતેશ જાનીએ સ્વરબદ્ધ કરેલ છતાં એના શબ્દોને સંગીતના કારણે લોકગીત તરીકે મનાતી રહેલી રચના 'એક સાબરકાંઠાનો સાહુકાર, એના દલતા માથે દેવું.... વેણું વણિયારી... એક ગોંડલ ગામની ગોરી, એનું દિલડું લીધું ચોરી....વેણું વળિયારી...'

વગેરે ગુજરાતી ગીતોના પ્રોગ્રામમાં બહુ નહીં સાંભળવા મળતાં ગીતોની સુંદર પ્રસ્તુતિ માટે જ સંજયભાઈ ઓઝા અને ડૉ. પાર્ત ઓઝાને અભિનંદન આપવા જ પડે...

ફક્ત ત્રણ જ પણ તેર જેવા સબળ વાદ્યકારો સર્વ શ્રી મયુરભાઈ દવે (કી-બોર્ડ), મનિષી રાવલ - પંડિતજી (તબલાં) અને શ્રેયસ દવે (ફ્લ્યુટ) એ બંને ગાયકોને સંગીતનો સુંદર સાથ આપી કાર્યક્રમને મનભાવન બનાવ્યો... સંજયભાઈ અને પાર્થે પોતાના કેળવાયેલા કંઠથી સમગ્ર કાર્યક્રમમાં ગીત ગાનની રસમય ધારા એવી વહેવડાવી કે બીજા વધુ ગાયક કલાકારો - સ્ત્રી કંઠની ઉણપ જણાવા ના દીધી અને પ્રત્યેક પ્રસ્તુતિ પૂર્વે થોડી વાત કરીને 'એન્કર' ની ભૂમિકા પણ બંનેએ નોંધનીય નિભાવી... 'સૂર સ્પંદન' સ્ટુડિયો, અમદાવાદથી લાઈવ કરાયેલા પ્રસ્તુત કાર્યક્રમમાં સમાપને 'મન મોર બની થનઘાટ કરે.... મારું મન મોર બની...'ની મસ્ત જુગલબંધી સાથે યાદગાર ગીતોની મજા માણ્યા પછીય શ્રોતાઓ કહે કે, 'દિલ માગે મોર'ને ન જોડાઈ શકેલા રસિકજનો અફસોસ કરે કે, 'તમે લઈ ગયા.... અમે રહી ગયા...' અમે રહી ગયા...' એ જ તો સાઝ ઈન્ડિયન મ્યુઝિક - યુએસ (ઋજુતા ધોળકિયા) ના સહયોગથી શિવરંજનીએ યોજેલ 'ઓનલાઈન' જલસાની સફળતા કહેવાય? ...અને દેશ-પરદેશમાં હજારો સંગીત પ્રેમીઓ સુધી પહોંચીને શિવરંજનીની વિશ્વરંજની બની એ આનંદ ને આવકારની વાત છે.

આ પ્રકારના પ્રોગ્રામની મર્યાદાઓ છે ને સમગ્ર આયોજન આર્થિક રીતે અઘરું ને બહું જહેમત માંગી લે છે... પણ કોરોનાની મહામારીનો માહૌલ કયારે સુધરશે અને એ પછી પણ જાહેર લાઈવ પ્રોગ્રામ કયારે શરૂ કરી શકાશે એ અનિશ્ચિતતા વચ્ચે સંગીત અને શિવરંજનીને સક્રિય રાખવા માટે ઉત્સાહી વાગ્મિનભાઈ બૂચ કહે છે કે 'શિવરંજનીની મેમ્બરશીપ તો આ વર્ષે થઈ શકી નથી.... એટલે હાલ તો સંગીત અને 'શિવરંજની' ના ચાહકો - ભાવકો તરફથી મળી રહેલા આર્થિક સહયોગથી આ કાર્યક્રમ કરીએ છીએ અને સંગીતપ્રેમીઓ દ્વારા આર્થિક યોગદાનનો પ્રવાહ ચાલુ રહે તો વધુ ઓનલાઈન પ્રોગ્રામ કરીશું. કેમ કે હમણાં તો આ પ્રકારના કાર્યક્રમોથી જ સંગીતમય બન્યા રહેવાનં છે.

આવા પ્રયાસ બદલ શિવરંજનીના સૌને અભિનંદન...

**ડાયરેક્ટ ❤ સે**

એક વસ્તુ ગોખી નાખો કે.... મને સુખી કે દુ:ખી કરવાની તાકાત માત્ર મારા કર્મોની છે, બીજી વ્યક્તિ બસ નિમિત્ત છે...

## જન્મદિને વધામણી



મધુબેન દશરથલાલ ગાંધર્વ
મો. ૯૪૨૮૫ ૯૫૬૫૮



મિહીર પરેશભાઈ રાવળ
મો. ૯૯૯૮૫૫૭૨૩૩



હિરવા દક્ષેન ત્રિવેદી
મો. ૯૮૨૪૨ ૬૬૧૬૦



હેત્વા દક્ષેન ત્રિવેદી
મો. ૯૮૨૪૨ ૬૬૧૬૦



અવની દિપકકુમાર નિર્મલ
મો. ૯૯૨૪૪ ૯૧૨૭૭



અભિમન્યુસિંહ રાઠોડ
મો. ૮૫૧૧૬ ૨૯૦૩૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક